# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, મુંબઈ

મે-ઑગસ્ટ ૨૦૦૯ વર્ષ ૨ અંક ૨ પૃષ્ઠ ૮ મૂલ્ય રૂ. ૨/-

## મન સર્વ પ્રકારની હિંસામાંથી સંપૂર્ણપણે મુક્ત હોઇ શકે ખરું ?

**પ્રશ્નકર્તા :** આપણાં દૈનિક જીવનમાં, જગતમાં જે કંઇ ઘટિત થાય છે તેની જવાબદારી આપણે કેવી રીતે લઇ શકીએ ? હિંસાની બાબતમાં સાચું કર્મ કયું અને હિંસાની સામે યોગ્ય વર્તન શું હોઇ શકે ?

**કૃષ્ણમૂર્તિ :** બહારની દુનિયામાં જે કંઇ ઘટી રહ્યું છે તેનાથી આપણી અંદર જે ઘટી રહ્યું છે તે શું કંઇ અલગ છે ? વિશ્વમાં જે હિંસાચાર અસામાન્ય એવો ખળભળાટ, વિપત્તિ પાછળ વિપત્તિ ચાલું છે. યુધ્ધો થઇ રહ્યા છે. રાષ્ટ્રીય વિભાજન ચાલી રહ્યું છે. વંશી, ધાર્મિક, જાતિય ફરક છે, કલ્પના પ્રમાણે પધ્ધતિસર નિર્માણ કરેલ એક માળખું બીજા માળખાંની વિરુધ્ધમાં હોય છે. આ બધું જે કંઇ આપણી અંદર ઘટીત થઇ રહ્યું છે શું તેનાથી તે જુદું છે ? આપણે દેખીતી રીતે હિંસક છીએ. આપણામાં ભરપૂર આડંબર છે. ભયંકર અપ્રમાણિકતા છે. જુદા જુદા પ્રસંગે જુદા જુદા મોહરા ધારણ કરીએ છીએ.

તેથી આ એક જ ગતિ છે જે ભરતી અને ઓટની જેમ અંદર આવે છે ને બહાર જાય છે. બહાર જે કંઇ થઇ રહ્યું છે, તે આપણે મનુષ્યે નિર્માણ કર્યું છે. અને તે જ્યાં સુધી આપણે મનુષ્ય બદલાશું નહીં ત્યાં સુધી તેમાં પરિવર્તનની શકયતા બિલકુલ નથી. તેજ આ બધાનું મૂળ છે. આપણે વિશ્વમાં કંઇ કરવા માગીએ છીએ. સારી સંસ્થા, સારી સરકાર બનાવવા ચાહીએ છીએ. પરંતુ આપણે બહાર જે ઘટી રહ્યું છે તે આપણે જ નિર્માણ કર્યું એમ કહેતા નથી. આપણા બદલાયા સિવાય તે બદલાવાનું નથી. હજારો વર્ષો આ રીતે વિતાવ્યા પછી પણ આપણે જેવા છીએ તેવા જ રહ્યા છીએ. આપણામાં મૂળભૂત પરિવર્તન થયું નથી. અને જગતમાં આપણે અનર્થ કરતા રહ્યા છે.

સત્ય વસ્તુ તો એ છે કે આપણે જ વિશ્વ છીએ; આ કલ્પના નથી પણ વાસ્તવિકતા છે. કલ્પના અને વાસ્તવિકતામાં તમને ફરક જણાય છે ? 'આપણે વિશ્વ છીએ.' એ વિધાન કોઇક સાંભળે અને તે વિષે સંકલ્પના ઘડે છે, અને તેને અમૂર્ત સ્વરૂપ આપે છે અને તે સંકલ્પના પર ચર્ચા વિચારણા કરે છે, તે ખરી છે કે ખોટી છે, અને તેમાં જ ખોવાઇ જાય છે. પરંતુ સત્ય તો એ જ છે કે 'આપણે જ વિશ્વ છીએ' અને એ તેમજ છે.

તેથી તે પરિવર્તન એ આપણી જવાબદારી છે, તેનો અર્થ એ છે કે આપણું દૈનિક જીવન આપણે જે રીતે જીવીએ છીએ એને માટે આપણે પૂર્ણપણે જવાબદારી છીએ. એનો અર્થ એ છે કે જે કંઇ અંધાધૂંધી ચાલી રહી છે તેને બદલવી કે તેને સજાવવી એવું નથી, તેમજ કોઇ સંસ્થા કે સમૂહમાં ભળી જવું કે એક સમૂહને છોડી બીજા સમૂહમાં જોડાઇ જવું એમ નહીં, પણ એક મનુષ્ય તરીકે પોતે જ એ એક જગત છે, તે સ્વયંમાં આમૂલાગ્ર પરિવર્તન લાવે નહીં ત્યાં સુધી સારા સમાજનું હોવું અશકય છે.

આપણામાંથી મોટાભાગના લોકોને બદલાવવું એ ઘણું કઠીન લાગે છે. દા.ત. ધુમ્રપાન છોડવું, એવી કેટલીક સંસ્થાઓ છે જે તમને ધુમ્રપાન છોડાવવામાં મદદ કરે છે. જુઓ આપણે સંસ્થા પર કેવા અવલંબિત છીએ. માટે આપણે કેમ બદલાતા નથી એની શોધ કરી શકીએ ? જ્યારે આપણે એકાદી ભૂલ જોઇએ છીએ. 'ભૂલ' ભૂલ આ શબ્દ અવતરણ ચિન્હમાં છે. જ્યારે તેને જોઇએ છીએ તો તેનો તત્કાળ અંત કેમ લાવતા નથી ? શું આપણે એવી આશા નથી સેવતા કોઇ આવશે ને સુવ્યવસ્થા લાવશે અને આપણે તેમાં સહજતાથી પ્રવેશી જશું ? કે પછી એ છે કે આપણને પ્રમાદીપણાની ટેવ પડી ગઇ છે. માનસિક સુસ્તપણાની, નિષ્ફળતાની ટેવ પડી ગઇ છે.

કોઇ ચોક્કસ પ્રકારનું તંત્રજ્ઞાન પ્રાપ્ત કરવા આપણે કેટલા વર્ષો પસાર કરીએ છીએ. એક ડૉકટર બનવા માટે શાળા, કૉલેજ, યુનિવર્સીટીમાંથી પસાર થઇએ છીએ. પરંતુ પોતાના સ્વયંમાં પરિવર્તન લાવવા માટે એક દિવસ પણ ફાળવતા નથી.

માટે સ્વયંમા મૂલાગ્ર પરિવર્તન લાવવું એ આપણી પોતાની જવાબદારી છે. કારણકે આપણે સ્વયં એક જગત છે.

બીજો પ્રશ્ન છે હિંસાની બાબતમાં યોગ્ય કાર્ય શું અને જ્યારે હિંસાનો સામનો કરવાનો હોય હિંસા એટલે ક્રોધ, ધિક્કાર સ્વીકારી લેવું, અનુશરણ કરવું. આ બધાનો નકાર એટલે તેનો વિરોધ. હિંસા આપણા જીવનનો એક ભાગ જે પ્રાણી દ્વારા આનુવંશિકપણે આપણામાં આવી છે. આ હિંસામાંથી મુક્ત થવું તુલનાત્મક રીતે નહીં પણ પૂર્ણપણે મુક્ત થવું શકય છે ? એનો અર્થ એ કે ક્રોધમાંથી મુક્ત થવું. એનો અર્થ ફક્ત ક્રોધ (ગુસ્સા)માંથી મુક્તિ એમ નથી, કિંતુ મનમાંથી ક્રોધ નષ્ટ થઇ જવો કે અનુશરણમાંથી મુક્તિ બાહ્ય અનુશરણ જ નહીં પણ તુલના દ્વારા થતા અનુશરણમાંથી મુક્તિ, આપણે હંમેશા માનસિકસ્તરે તુલના કરીએ છીએ. હું આવો હતો અને આવો થઇશ, કે પછી હું કંઇક છું જે મન હંમેશા તુલના કરતું હોય નિર્ણય કરતું હોય તે મન આક્રમક મન છે. જો મન અનુકરણ, અનુશરણ અને તુલનામાંથી મુક્ત હોય ત્યારે ત્યાં સાચું કર્મ ઘટિત થાય છે.

શું મન બધાજ પ્રકારની હિંસાથી પૂર્ણપણે મુક્ત થઇ શકે ? જો તેમ હોય, તો જ્યારે તેને હિંસાનો સામનો કરવાનો આવે ત્યારે તેની પ્રતિક્રિયા શું હોય ? જો પ્રત્યક્ષપણે હિંસાનો સામનો કરે ત્યારે તે સમયે કેવું કર્મ કરે ? શું આપણે તેનું અનુમાન કરી શકીએ ? મગજ જ્યારે હિંસાનો સામનો કરે છે ત્યારે ઘણા વેગેથી તેમાં રાસાયણિક ફેરફાર થાય છે; તે સામેથી આવતા આઘાત કરતા તો પ્રતિક્રિયા ઘણી જલદ હોય છે, સંપૂર્ણ શારીરિક પ્રતિક્રિયા હોય છે, અને તરત જ તેનો પ્રતિસાદ હોય તે કદાચિત સામો ઘાવ ના કરે, પણ ક્રોધ અને ધિક્કારના અસ્તિત્વમાં જ પ્રતિક્રિયા થાય છે. ક્રિયા ઘટીત થાય છે.

ક્રોધિત મનુષ્યની ઉપસ્થિતિમાં કોઇ જાગ્રત હોય અને પ્રતિસાદ ના આપે તો શું થાય તે નિહાળો. બીજાના ક્રોધના ક્ષણની જાણકારી થાય અને સામી પ્રતિક્રિયાના થાય તે સમયે તદ્દન જુદો જ પ્રતિસાદ હોય છે. ક્રોધનો પ્રતિસાદ ક્રોધ, દ્વેષનો પ્રતિસાદ દ્વેષ એ સહજ પ્રતિસાદ જેથી રાસાયણિક પ્રક્રિયા ઉદ્ભવે છે. તેથી મજ્જાતંતુમાં પ્રતિક્રિયા થાય છે. પરંતુ ક્રોધની સામે જ્યારે આ પ્રતિક્રિયા શાંત કરવામાં આવે ત્યારે કોઇ જ જુદુ જ કર્મ ઘટે છે.

*ક્વેશ્ચન એન્ડ આન્સર્સ*, પ્ર.૧૦

સંપાદકીય

# માનવી મન અને હિંસા

નિસર્ગ, પ્રાણીપક્ષી, માણસ આ બધાની સાથે આપણો સંબંધ હિંસાથી વ્યાપ્ત છે. આપણા બધા જ આચાર, વિચાર એ સૂક્ષ્મ રીતે કે દેખીતીરીતે હિંસાથી ભરેલા હોઇને તેનું નિરીક્ષણ કરવું અઘરૂં છે. અને તેના પર ઉપરછલ્લા વિધાનો કરવા એ આપણા સ્વયંમાં રહેલી અપ્રમાણિકતા છે. પરંતુ તેને ગંભીરપણે સમજવું એ અત્યંત આવશ્યક છે. કારણકે મનુષ્ય જીવનમાં હિંસા પરાકોષ્ટીએ પહોંચી ગઇ છે. તેણે ધારણ કરેલા ચિત્ર વિચિત્ર સ્વરૂપને સર્વાંગીપણે પરીક્ષણ કરવાની અત્યંત જરૂર છે. સત્તાધારી લોકો એકત્રિત થઇ આ વિષે ગમે તેટલો ઊહાપોહ કરે કે તેને દબાવી દેવાનો પ્રયત્ન કરે છતાં પણ હિંસા માનવીના મનમાં હજારો વર્ષોથી રૂઢ થઇ ગઇ છે, ભ્રમ અને અજ્ઞાનતાથી પોષાતી આવી છે, મનના કાલ્પનિક ભેદ, વિભાજન તેમાં ખાતર પાણી નાખે છે, આ હિંસાને આપણે સમજીશું નહીં તો તેમાંથી મુક્ત થવું અશક્ય છે.

હિંસાને હિંસા દ્વારા દાબી શકાય નહીં એનું ઉત્તમ ઉદાહરણ આપણી આંખ સામે છે. અમેરિકામાં ટાવર્સ પર થયેલા હલ્લા પછી બે અંતહીન યુધ્ધ ચાલી રહ્યા છે. તેમાંથી વિશ્વ ભરમાં ખૂણેખૂણે આત્મઘાતી હુમલા થતા રહ્યા છે. પૂરાણકાળમાં રાક્ષસોના વહી ગયેલા લોહીનાં બિંદુબિંદુમાંથી નવા નવા બીજા રાક્ષસો ઉદ્ભવતા હતા એવી વાર્તા કહેવાય છે. આજે જે કાંઇ આતંક થઇ રહ્યો છે તે આ પૂરાણની કથા જેવોજ ભાસે છે.

આપણી સલામતી ભયમાં છે ત્યારે ભય ઉદ્ભવે છે, શારીરિક સલામતી હોવી એ આવશ્યક છે. તેના કારણે ઉદ્ભવતી હિંસા ક્ષણિક અને મર્યાદિત છે. પણ આ ભય જ્યારે માનસિક સ્તર પર પહોંચે છે ત્યારે સુરક્ષિતતાની જાળ ગૂંથવામાં આવે છે અને આપણે બધા તે જાળમાં ફસાય જઇએ છીએ. પૈસા, દેશ, ધર્મ વગેરે વડે આ સુરક્ષિતતાની જાળ ગૂંથવામાં આવે છે અને આપણે બધા તે જાળમાં ફસાય જઇએ છીએ. પૈસા, દેશ, ધર્મ વગેરે આ સુરક્ષિતતા માટે ઉભારવામાં આવ્યા ને તે બધા આપણી અસુરક્ષિતતાના કારણ બની ગયા છે. ધનમાં આપણે ભવિષ્યની સુરક્ષિતતાની આશા રાખીએ છીએ. પણ તે ધન એકત્ર કરવાની આપણી વૃત્તિમાં મર્યાદાની સાનભાન ભૂલી જઇએ છીએ, અને તેને કારણે કેટલી હિંસા અને અસુરક્ષિતતાનું નિર્માણ થાય છે. દરેક ધનવાન અનેક પ્રકારના સુરક્ષા કવચની સગવડતા ઉભારે છે છતાં પણ અપહરણ અને ખૂન થાય છે. લોભ અને અપેક્ષાને કારણે મનુષ્ય દ્વેષ, ઈર્ષા અને અભિમાનનાં સાપડામાં સપડાય છે. તેજ પ્રમાણે પ્રજાના સંરક્ષણ માટે દેશ અને તેની સીમા નિર્માણ થઇ અને તે હંમેશા રક્તરંજિત રહી છે. હવે તો આ સીમાનો કોઇ અર્થ રહ્યો નથી. કારણકે આતંકવાદના સ્વરૂપે તે હિંસા પાછલે બારણેથી ગમે ત્યાં આવી પહોંચે છે. ધર્મમાં તેનું મૂળ હાર્દ વિસરાઇ ગયું ને હિંસાના રૂપે માનવ મનમાં પ્રવેશી ગયો છે. તેનું હિંસક સ્વરૂપ વિશ્વભરમાં દષ્ટિગોચર થાય છે. ધર્મને નામે થતા આત્મઘાતી હલ્લા એની સાક્ષી પૂરે છે.

ભય, સલામતી તેમજ હિંસા આ બધાનો પરસ્પર સંબંધ આપણા મનની અજ્ઞાનતા અને ભ્રમમાં રહેલો છે. આપણે એ સમજવું જોઇએ કે મારા મનમાં જે ભય છે એવો ભય સામેની વ્યક્તિમાં પણ છે માટે આપણે લડીએ છીએ. તેમાં ક્યાંયે સુરક્ષા નથી એમ જો સમજાય તો હિંસાની બધી જવાબદારી બીજાના પર લાદી ના દઇએ.

ત્યારે હિંસાની શોધની દિશા પૂર્ણપણે બદલાઇ જશે. ઉપર કહ્યું તે પ્રમાણે હિંસાનો ઉગમ માનવી મનમાં રહેલો છે, કાલ્પનિક ભેદ અને વિભાજનમાં છે. કૃષ્ણમૂર્તિ કહે છે *''જ્યારે તમે સ્વયંને ભારતીય, મુસલમાન, ખ્રિસ્તી, યુરોપિયન જે કંઇ કહો છો, ત્યારે તમે હિંસક બનો છો. કારણકે ત્યારે તમે સ્વયંને બાકી સર્વ માનકુળથી જુદા પાડી દો છો. જ્યારે તમે તમારી શ્રધ્ધા, રાષ્ટ્રીયતા તેમજ તમારી પરંપરા આ બધા થકી તમારી જાતને બીજાથી જુદી પાડો છો ત્યારે હિંસાનો જન્મ થાય છે. માટે જે કોઇ હિંસાને સમજવા ચાહે છે તેણે દેશ, ધર્મ, પક્ષ, વિભાજન વગેરેમાંથી મુક્ત હોવું જોઇએ; જેનામાં સારી માનવજાતને સમજવાની ઉત્કટતા હોય છે.''*

આ વિશ્વમાં માનવીમનમાંથી સંપૂર્ણ પણે હિંસા નીકળી જવી જોઇએ, માટે કૃષ્ણમૂર્તિએ નિર્દેશ કરેલી સંપૂર્ણ ક્રાંતિ મનુષ્યની ચેતનામાં કેવી રીતે આણવી એ દરેક માનવી માટે એક પડકાર છે અને આપણે તેનો સામનો કેમ કરવો. એની શોધ કૃષ્ણમૂર્તિના શિક્ષણ દ્વારા કેમ કરવી એનો પ્રયત્ન આ અંકમાં કરવામાં આવ્યો છે.

## કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહયાદ્રીની આગામી કાર્યશાળા

તા.૧૧ - ૧૭ જૂન ૨૦૦૯
વિષય : What will make us change?
તા. ૯ - ૧૫ જુલાઇ ૨૦૦૯
વિષય : Three Arts and the Art of Living.
તા. ૩ - ૭ ઑગસ્ટ ૨૦૦૯
વિષય : Our Relationship with Nature.
તા. ૨૧ - ૨૫ સપ્ટેમ્બર ૨૦૦૯
વિષય: Creativity in Daily Living.



સંપર્ક :
સંચાલક, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,
પોષ્ટ : તિવઇ હિલ, તાલુકા ખેડ (રાજગુરુ નગર)
જિ. પૂના, પિન ૪૧૦ ૫૧૩, મહારાષ્ટ્ર
દૂરધ્વનિ : (૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૮૪૩૪૬.
ઈમેલ : kscskfi@gmail.com
વેબસાઇટ : http:/www.kscskfi.com

## વાર્ષિક સંમેલન

### કૃષ્ણમૂર્તિ સ્ટડી સેંટર
### રાજઘાટ, વારાણસી



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયાના દ્વારા યોજવામાં આવતું વાર્ષિક સંમેલન આ વર્ષે રાજઘાટમાં સ્થિત કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર વારાણસીમાં ૧૧ થી ૧૪ નવેમ્બર ૨૦૦૯ દરમિયાન યોજવામાં આવશે.

આ સંમેલનનો મુખ્ય વિષય છે - *What is Religious Mind?* જે કોઈ વ્યકિતને સંમેલન માં ભાગ લેવાની ઈચ્છા હોય તેણે નીચે ના સરનામા પર સંપર્ક કરવો.

**કૃષ્ણમૂર્તિ સ્ટડી સેંટર**
કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,
રાજઘાટ, વારાણસી, પિન ૨૨૧ ૦૦૧
ઈમેલ : kcentrevns@gmail.com
ટેલિફોન : ૦૫૪૨-૨૪૪૧૨૮૯, ૨૪૪૦૪૫૩.

## તમે હિંસક છો એ હકીકત સમજવી એ પહેલુ કર્મ છે

પ્રાણી હિંસક હોય છે. મનુષ્ય જે આ પશુમાંથી વિકસિત થયો છે તે પણ હિંસક છે. હિંસકપણુ એ તેના વ્યકિતત્વનો એક ભાગ છે. ગુસ્સો આવવો, ઈર્ષા હોવી, સત્તા કે પદની પાછળ પડવું. માન કે પ્રતિષ્ઠા માટે દોડવું. આમ એવું ઘણું કંઇ; અમલ બજાવવો, આક્રમક બનવું. મનુષ્ય હિંસક છે. એ વાત હજારો યુધ્ધ દર્શાવે છે અને સિધ્ધ છે. અને આ મનુષ્યે આદર્શની કલ્પનાનું એક તત્વજ્ઞાન વિકસાવ્યું છે. જેને તે અહિંસા તરીકે ઓળખાવે છે. અને જ્યારે વાસ્તવમાં ત્યાં હિંસા છે. જેમ કે એક રાષ્ટ્ર અને બીજા રાષ્ટ્રની વચ્ચેનું યુધ્ધ કે જેમાં પ્રત્યેક મનુષ્ય તેમાં સહભાગી છે. અને તે તેને ગમે છે. જ્યારે તમે હકીકતમાં હિંસક છો અને તમારી પાસે અહિંસાનો આદર્શ છે ત્યારે ત્યાં ઘર્ષણ હોય છે, તમે સદા અહિંસક બનવાનો પ્રયત્ન કરો છો. જે એક પ્રકારે સંઘર્ષનો જ ભાગ છે. તમે હિંસક ના બનો એ માટે તમે તમારા પર શિસ્ત લાદો છો. જે ફરી પાછો એક સંઘર્ષ જ છે, દ્વંદ્વ છે. તેથી તમે જ્યારે હિંસક હોવ છો અને તમારી પાસે અહિંસાનો આદર્શ હોય ત્યારે તમે પ્રત્યક્ષપણે હિંસક જ છો. તમે હિંસક છો એની તમને અનુભૂતિ થવી કે સમજવું એ પ્રથમ કર્તવ્ય છે. અહિંસક બનવાનો પ્રયત્ન કરવો એ નહીં. હિંસા જેવા સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં તેને નિહાળવી. તેનું રૂપાંતર કરવાનો પ્રયત્ન ન કરતા. તેને નવો વળાંક આપવાનો પ્રયત્ન ન કરતાં તેને જીતવાનો કે દાબી દેવાનો પ્રયત્ન ન કરતા. પણ તે જેવી છે તે જ સ્વરૂપમાં જોવી. જાણે કે તમે પહેલીવાર જ તેને જોતા હોય એ રીતે જોવી. એનો અર્થ કે વિચારને વચ્ચમાં લાવ્યા વગર તેને નીરખવી. આ પહેલા મેં તમને સ્પષ્ટપણે કહ્યું છે કે નિરાગસપણે વૃક્ષને જોવું એટલે શું તે એટલે કે કોઇપણ છબી વગર તેને જોવું તેજ પ્રમાણે હિંસાને તમારે જોવી જોઇએ. હિંસા શબ્દની અંદર અટવાયેલી પ્રતિમા કે છબી વગર, કોઈપણ પ્રકારના વિચારની હાલચાલ સિવાય જોવી જોઇએ. એટલે કે તમે હિંસાને પહેલી વખત જ નિહાળો છો એ રીતે નિહાળવી અને તેથી આ રીતે જોવું એટલે નિર્દોષપણે જોવું.

*ધ બુક ઑફ લાઇફ, ૨૫ જૂન*

# જે. કૃષ્ણમૂર્તિ ઑન લાઇન : નવી વેબસાઇટ

### જે. કૃષ્ણમૂર્તિના શિક્ષણની - વિડીઓ, ઓડિઓ અને લિખીત સાહિત્યની ખાત્રીપૂર્વકની અધિકૃત સામગ્રી ઇન્ટરનેટ પર નિઃશુલ્ક ઉપલબ્ધ

કૃષ્ણમૂર્તિના શિક્ષણની જાળવણી માટે તેમજ તેમનું શિક્ષણ અને કાર્ય વિશ્વમાં સર્વ કોઇ વ્યક્તિને ઉપલબ્ધ થાય એ હેતુને ધ્યાનમાં લઇ દુનિયાભરમાં જે.કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ની સ્થાપના કરવામાં આવી છે. તે બધા ફાઉન્ડેશન એકત્રિત થઇ **www.jkrishnamurti.org** એ એક નવી વેબસાઇટ હાલમાંજ શરૂ કરવામાં આવી છે. આ વેબસાઇટ પર કૃષ્ણમૂર્તિ ૧૯૩૩ થી ૧૯૮૬ સુધીમાં પ્રકાશિત સાહિત્યમાંથી મોટા પ્રમાણમાં અધિકૃત સંગ્રહિત લેખનની ખાત્રી આપે છે. આ સંગ્રહિત સાહિત્ય સુમારે સર્વસાધારણ કદના ૨૦૦ પુસ્તકો થાય એટલું બૃહત છે. આ વેબસાઇટ પરનું સર્વ સાહિત્ય કમ્પ્યુટર દ્વારા ઉપલબ્ધ કરી નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે. કેટલીક વિડીયો અને ઓડિયો સી.ડી. પણ ડાઉનલોડ કરી શકાય છે. આગળની હજી સુધી પ્રકાશિત ન થયેલી સામગ્રીનો સમાવિષ્ટ કરવાની યોજના છે. અને ઑડિઓ, વિડીઓની શ્રમતા પણ વધારવામાં આવશે.

આ વેબસાઇટ એટલે વિશ્વભરમાં પ્રસ્થાપિત ફાઉન્ડેશને એકત્રિતપણે કરેલી રચના છે. ઓહાય, કેલિફોર્નિયામાં આવેલ કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઑફ અમેરિકા, ઈંગ્લેન્ડમાં સ્થાપિત કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભારતમાં ચેન્નઇમાં સ્થાપિત કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઑફ ઈંડિયા અને સ્પેનમાં સ્થાપિત ફાંદેશિઆ કૃષ્ણમૂર્તિ લેટિન અમેરિકા, સહભાગી થયેલ છે.

**આંતરરાષ્ટ્રીય શિક્ષણ પ્રકલ્પ (International Teachings Project)** ની શરુઆત એવી પરિસ્થિતિમાં થઇ કે આજે આધુનિક તંત્રજ્ઞાનની મદદથી અફાટજ્ઞાનની માહિતી ઈન્ટરનેટ દ્વારા લોકોના કાન સુધી ઘર આંગણે પહોંચાડવી સહજ સુલભ બની છે, આથી જગતભરમાં ઝપાટભેર મશરૂમની જેમ ઊગી નીકળેલી અનેક ખાનગી વેબસાઇટ કે જે.કૃષ્ણમૂર્તિના કાર્યનો ‘કોપી રાઇટ’ ભંગ કરી પોતાની રીતે અનઅધિકૃતપણે કૃષ્ણમૂર્તિના મૂળ અવતરણોમાં પોતાની મરજી પ્રમાણે ફેરફાર કરી તેમજ ઘણી વખત અનધિકૃત રીતે પ્રકાશિત કરી રહી છે. આ બાબત કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના ધ્યાનમાં આવી અને આ નવી અધિકૃત વેબસાઇટ અસ્તિત્વમાં આવી જે તમને ખાત્રીપૂર્વકની કૃષ્ણમૂર્તિના કાર્યની માહિતી નિઃશુલ્ક સહજપણે ઉપલબ્ધ કરી આપે છે.

આ વેબસાઇટ સર્વ કોઇ માટે બિટા સ્વરૂપમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. કારણકે આ વેબસાઇટ પર હજી પણ પ્રચંડ સ્વરૂપમાં ભવિષ્યમાં કાર્ય કરવાનું છે. વ્યક્તિ, અભ્યાસક, માનસિક આરોગ્ય અને કલ્યાણ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે એવા અનેક ક્ષેત્રના તજજ્ઞોના ઉપયોગ માટે આ વેબસાઇટની સંભવિત ક્ષમતા વધારી શકાય. તે સિવાય કૃષ્ણમૂર્તિના જીવનભરના કાર્યમાંથી સુમારે ૫૦ ટકા સાહિત્ય હજીએ અપ્રકાશિત છે. કાળાંતરે તેને આ વેબસાઇટ પરના સંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પ્રકારની વેબસાઇટને પૂર્ણકક્ષા એ ઉભારવા માટે અધિક નાણાંની આવશ્યકતા છે અને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન આ આર્થિક ગરજ માટે તેના હિતચિંતકોનો સંપર્ક સાધવા માટે કાર્યરત છે. આ ખર્ચામાં સાઇટ ડિઝાઇનનો વિકાસ, ઈન્ટરનેટ પર હોસ્ટિંગ, સર્ચ ઈંજનો માટે જરૂરી એવા પાયાભૂત ડેટાબેઝ, હવે પછીની લિખિત માહિતીનું ડિજીટાયઝેશન, વિડીઓ અને ઑડિયો સાહિત્ય અને માહિતી સંગ્રહની અનુક્રમણિકા બનાવવી વગેરે બાબત અંતર્ગત છે. વિડીઓ-ઑડિયો વિભાગનો વિસ્તાર કરી તેમાંની માહિતી શોધી કાઢવા માટે, ઈન્ટરનેટ પર વાચનાલય ઉભારવા માટે શરુઆત કરી શકાય. લાંબાગાળામાં સાઇટની રચના અને તેમાં સમાવિષ્ટ સાહિત્ય સ્પેનિશ, ફ્રેન્ચ અને જર્મન ભાષામાં ઉપલબ્ધ થાય એવી યોજના છે; તેમજ વેબસાઇટમાં રહેલી સગવડતામાં સુધારણા કરી અભ્યાસકને આ સંગ્રહમાંથી વિશિષ્ટ અવતરણો, ઑડિયો-વિડીઓ સાહિત્યની છણાવટ કરી પોતાનો વ્યક્તિગત માહિતી સંગ્રહ આ વેબસાઇટ પરથી પોતાના અંગત ખાતામાં સંગ્રહીત કરવાની સગવડતા ઊભી કરવામાં આવશે.



www. jkrishnamurti.org



## હિંસાનું નિરીક્ષણ

**પ્રશ્નકર્તા :** જો હું હિંસાનું ઉત્કટતાપૂર્વક તેમજ કાળજીપૂર્વક નિરીક્ષણ કરું, તે મને હિંસાથી મુક્ત કરશે ?

**કૃષ્ણમૂર્તિ :** હિંસાના આ પ્રશ્ન વિશે શું પ્રશ્નકર્તા એ પ્રયાસ કર્યો છે, કે ફક્ત તે વિશે તેની આ કલ્પના છે. જો હું આમ કરું તો તે મને મળશે ? ઉત્કટતાપૂર્વક નિરીક્ષણ કરવું એટલે કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું જેમકે એક બાળકનું ઘણી કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું. જ્યારે તમે એક બાળકનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરો ત્યારે ત્યાં શું ઘટે છે ? તમે તેનો તિરસ્કાર કરતા નથી, શું તમે એમ કરો છો ? તમે એમ પણ નથી બોલતા કે આ બાળક બીજા બાળક જેટલો હોંશિયાર નથી પણ ઘણું કરીને તમે એમ કરતા નથી, એનો અર્થ તમે ખરા અર્થમાં કાળજીથી જોતા નથી. જ્યારે તમે બાળકની તુલના કરો છો ત્યારે તેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરતા નથી, તેમજ તેને વખોડો છો કે તેના માટે મંતવ્ય આપો છો ત્યારે પણ તમે નિરીક્ષણ કરતા નથી. જ્યારે તમે અહિંસાના આદર્શની કલ્પનાથી હિંસાને વખોડો છો અને જ્યારે તમે તેનાથી ભાગી છૂટવા ઇચ્છો છો, ત્યારે તમે માનસિક રીતે હિંસામાં થતી સંડોવણી અને એના સ્વરૂપનું નિરીક્ષણ કરતા નથી. ફક્ત જ્યારે તમે પૂર્ણપણે તેનું નિરીક્ષણ કરો છો ત્યારે ત્યાં હિંસાનો અંત છે. તમે તે કરી શકો છો. જો તમે કરો, ત્યારે તમારા માટે તે શોધી કાઢશો કોઇને પૂછવા ના જાવ, પણ કરો અને શોધી કાઢો.

૧૯૬૩ કૃષ્ણમૂર્તિનો વાર્તાલાપ વારાણસી

## યુધ્ધ: આપણો જ એક નેત્રદીપક રક્તલાંછિત પ્રક્ષેપણ

યુધ્ધનો જ્વર ઉગ્રતાપૂર્વક વધી રહ્યો હતો અને એજ અરસામાં કૃષ્ણજીએ ઑહાય ઓકગ્રોવમાં પોતાના વાર્તાલાપની માલિકા શરુ કરી. મને તે બદલ થોડી ચિંતા થતી હતી કે અત્યારની અસામાન્ય પરિસ્થિતિમાં કૃષ્ણજી પોતાના યુધ્ધ વિરોધી મતને સૌમ્યતાપૂર્વક રજુ કરશે કે નહીં ? એવી મનમાં શંકા હતી. પણ એમણે એવું કંઇજ કહ્યું નહીં જાણે કે યુધ્ધ શરુ જ નથી થયું એવા ભાવથી તેમણે યુધ્ધનામની સામૂહિક હત્યા પર એવું કહ્યું કે ‘કોઇની પણ હત્યા કરવી એ વિશ્વનું મોટામાં મોટું દુષ્કર્મ છે.’ યુધ્ધખોર, વિરોધી પ્રશ્નકર્તાને અત્યંત શાંત અને સૌમ્યપણે તેમણે તેઓને યાદ અપાવી કે તેમની સાથે કોઇ સહમત નથી એ તેમની સમસ્યા નથી પણ આંતરિક વૈરભાવના એ સમસ્યા છે. ‘તમે તમારા સ્વયંની અંદર ચાલી રહેલા યુધ્ધનો વિચાર કરો, તેના પ્રતિ જાગ્રત બનો. બહાર જે યુધ્ધ થઇ રહ્યું છે તેના પ્રતિ નહીં’ એ વાત તે સાતત્યથી કહેતા હતા.

એક સમય એવો આવ્યો ને એવું ભાસવા લાગ્યું કે મોટો વિવાદ ઉભો થશે. પણ એવી પરિસ્થિતિમાં તેમનું શાંતત્વ વખાણ કરવા જેવું હતું. મને એવું લાગતું હતું કે આ બાબત પર દેખરેખ રાખતા અધિકારી તેમના વાર્તાલાપને પૂર્ણ થવા દેશે કે નહીં ‘એફ બી આય’ ના લોકો શ્રોતાગણમાં ઉપસ્થિત હતા.

સિડની ફિલ્ડ લિખિત *The Reluctant Messiah*

## સ્વયંને સમજયા સિવાય શાંતિ સુલભ નથી

જગતમાં શાંતિ લાવવા માટે, સઘળા યુધ્ધોનો અંત લાવવા માટે, આપણા સ્વયંમાં ક્રાંતિ થવી જોઇએ. તમારામાં અને મારામાં આ પરિવર્તન થવું જોઇએ. આંતરિક ક્રાંતિ વિના આર્થિક ક્રાંતિનો કોઇ અર્થ નથી. કારણકે આપણી માનસિક અવસ્થામાંથી જન્મેલા ક્રોધ, લોભ, દ્વેષ, ઈર્ષા આસક્તિ આ વિસંગતિને કારણે આર્થિક અસમતોલન ઉદ્ભવે છે, અને તેમને કારણે ભૂખમરાનો જન્મ થાય છે. દુઃખનો ભૂખમરાનો અને યુધ્ધનો અંત લાવવા માટે આપણી માનસિક અવસ્થામાં પરિવર્તન થવું જોઇએ. અને આપણામાંથી ઘણા જૂજ લોકો એ માટે તૈયાર છે. આપણે શાંતિ માટે ચર્ચા વિચારણા કરીએ છીએ. નવા કાયદા ઘડીએ, નવો પક્ષ નવી સંસ્થાનું નિર્માણ કરીએ સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી સંસ્થા વગેરે વગેરે. પણ આપણે શાંતિ મેળવી શકીએ નહીં. કારણકે આપણે આપણું પદ સ્થાન છોડવા નથી ચાહતા, આપણી સત્તા, આપણી મિલકત, પૈસા, વિચારશૂન્ય જીવન તજી દેવા આપણે તૈયાર નથી. બીજા પર આધાર રાખવો એ તદ્દન વ્યર્થ છે બીજા કોઇ આપણને શાંતિ આપી શકે નહી. કોઇપણ નેતા આપણને શાંતિ આપી શકે નહીં. કોઇપણ સરકાર, કોઇપણ સૈન્ય, કોઇપણ રાષ્ટ્ર આપણને શાંતિ બહાલ કરી શકે નહીં. આ શાંતિ કોણ લાવશે, શાંતિ એતો આંતરિક પરિવર્તન છે, જે પરિવર્તન બાહ્ય કાર્ય પર અસર કરે; આંતરિક પરિવર્તન એ અલગ થઇ જવાની ક્રિયા નથી, બાહ્ય કાર્યથી પોતાને નિવૃત કરવું એવું નથી. ઊલટાનું જ્યારે વિચારની સાચી ક્રિયા હોય ત્યારેજ સાચું કર્મ ઘટિત થાય છે. જ્યાં સ્વજ્ઞાન નથી ત્યાં સાચો વિચાર ઉદ્ભવતો નથી. તમારા સ્વયંને તમારી જાતને સમજયા સિવાય શાંતિ સુલભ નથી.

બાહરના વિગ્રહનો અંત લાવવા માટે તમારે તમારા અંદરના વિગ્રહનો અંત આણવાની શરુઆત કરવી જોઇએ. તમારામાંથી કેટલાક માથું ધુણાવશે ને કહેશે હું સંમત છું, પણ બહાર જઇ છેલ્લા દશવીશ વર્ષોથી જે કરતા આવ્યા છો તે જ કર્યા કરશે. તમારી આ શાબ્દિક કબુલાતનું ખાસ કોઇ વિશેષ મહત્ત્વ નથી. કારણકે જગતના દુઃખ અને યુધ્ધો તમારા શાબ્દિક હોકારથી થંભી જવાના નથી. તે ફક્ત ત્યારે જ થંભશે જ્યારે તમે પ્રત્યક્ષપણે આ ભયની પરિસ્થિતિનો અહેસાસ કરો, જ્યારે તમે તમારી જવાબદારીથી સભાન થાવ અને તમે તે જવાબદારી બીજા કોઇના પર છોડી ન દો. ત્યારે જ એ દુઃખનો અને એ વિગ્રહોનો અંત આવશે. જ્યારે તમને દુઃખની અનુભૂતી થાય તાત્કાલિક કાર્ય કરવાની આવશ્યકતા તમે સમજો ને કાર્ય કરવામાં વિલંબ ના કરો ત્યારેજ તમારા સ્વયંમાં પરિવર્તન થશે. જ્યારે તમે સ્વયં શાંત હશો ત્યારે જ શાંતિ સુલભ થશે અને તમારા પડોશી સાથે શાંતિથી રહેશો.

*મુક્ત જીવન, પ્રશ્ન ૧૦*

# પરીક્ષણ

## જ્ઞાત વિસર્જન




*જ્ઞાત વિસર્જન (Freedom from the Known)* પુસ્તક કૃષ્ણમૂર્તિના શિક્ષણને જેઓ હૃદયપૂર્વક ઝીણવટથી સમજવા ઈચ્છે છે તેઓને માટે આ એક આદર્શ બોળપોથી છે, એવું કહેવું અયોગ્ય નથી.

સ્વયં કૃષ્ણજીના સૂચનથી મેરી લ્યુટિયન્સે 'ફ્રીડમ ફ્રોમ ધ નોન' પુસ્તક ને સંપાદિત કર્યું. આ પુસ્તકનું શીર્ષક પણ કૃષ્ણજીએ સૂચવ્યું છે. સંપાદિકા બહેન કૃષ્ણજીના આજીવનમિત્ર અને ચરિત્રના લેખક હતા. ભારત અને યુરોપમાં જુદા જુદા સ્થળે વિવિધ વયના શ્રોતાગણ સમક્ષ કૃષ્ણજીએ આપેલા સો જેટલા વાર્તાલાપોમાંથી ઘણી જ કાળજીપૂર્વક ચૂંટીને પુસ્તક સ્વરૂપમાં સંયોજીત કરવામાં આવ્યું. કૃષ્ણમૂર્તિના શબ્દોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વગર આ પુસ્તકને સંપાદિત કરવામાં આવ્યું છે. અંગ્રેજી પુસ્તકના પ્રકાશકના શબ્દોમાં કહીએ 'કદાચ એ વર્ષ તેમના જીવનનું સૌથી વધુ ફળદાયી વર્ષ હશે. તેથી મનુષ્યના ભાવિ અંગે તેમજ મનુષ્ય જીવનના સરળ પ્રશ્નો અંગે કૃષ્ણજીને જે કહેવાનું છે તે કદાચ પ્રથમવાર આ પુસ્તકમાં સંયોજીત થયું છે.'

૧૯૬૯માં પ્રકાશિત આ પુસ્તકને અંગ્રેજી વાચક વર્ગે ઘણા પ્રેમથી વધાવ્યું છે. આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ શ્રી શિવલાલમોદીએ 'જ્ઞાત વિસર્જન' શીર્ષક આપી કર્યો અને એમના અનુવાદને ગુજરાત શિરોમણી કવિશ્રી ઉમાશંકર જોષીએ દિલપૂર્વક તપાસી પ્રોત્સાહન આપ્યું છે. આ પુસ્તકની પ્રથમ ગુજરાતી આવૃત્તિ ૧૯૭૫માં પ્રકાશિત થઈ. આ આવૃતિ ચોથી આવૃત્તિ છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન-ઈન્ડિઆ એ વધુ લોકો કૃષ્ણજીના શિક્ષણનો લાભ લઈ શકે એ દષ્ટિકોણથી આ પુસ્તક અંગ્રેજીમાં સબસીડાઈઝ કિંમત (રૂ.૨૦)માં પ્રકાશિત કર્યું છે. તેજ પ્રમાણે ગુજરાતી આવૃતિ બહાર પાડવાની અભિલાષા ફાઉન્ડેશન ધરાવે છે.

કૃષ્ણજી પોતાની જાતને ગુરુ તરીકે પ્રસ્થાપિત કરતા નથી તેથી તેમને તેમજ તેમના શિક્ષણને ઉપદેશક કે ઉપદેશ કહેવાય નહીં તેમજ તેઓ પોતાને તત્ત્વચિંતક તરીકે પણ ઓળખાવતા નથી માટે તેમના ચિંતન વિષે કોઈ કશું જ કહી શકે નહીં. પરંતુ તેઓ કહે છે. તેમના શબ્દો એ તમારી સામે રાખવામાં આવેલ દર્પણ સમાન છે, તે દર્પણમાં તમે તમારી જાતનું નિરીક્ષણ કરી શકો. જો તમે નિરીક્ષણ કરવા ઈચ્છતા હોવ. પણ એ દર્પણને તમે તમારા જ્ઞાનથી તેમજ સંમતિ કે અસંમતિથી ધૂંધળો કરો તો કશું જ દેખાશે નહીં. જેઓ પોતાની જાતનું નિરીક્ષણ કરી શકે તો તેઓ પહેલાં હતા તેવા ફરીથી નહીં રહે તમારા સ્વયંમાં મુલાગ્ર પરિવર્તન થવું જોઈએ તમે બદલાશો તો સમાજમાં પરિવર્તન થશે.

પુસ્તક : 'જ્ઞાત વિસર્જન' અનુવાદ : શિવલાલ મોદી

આવૃત્તિ : ચોથી

મૂલ્ય : રૂા. ૭૦

## આનંદવિહાર બદલાપુરમાં યોજીત વાર્ષિક સંમેલન અહેવાલ

આનંદવિહાર કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર જાંભિળઘર, બદલાપુરમાં ૧૫ ફેબ્રુઆરીના રોજે એક દિવસનું વાર્ષિક સંમેલનનું આયોજન કર્યું હતું.

આ વાર્ષિક સંમેલનમાં મુંબઈ, પુના, નાશિકથી ૫૦ જેટલા અભ્યાસકે હાજરી આપી સંમેલનમાં ભાગ લીધો હતો. શ્રી રાજેશ દલાલ મુખ્ય મહેમાન અને વક્તા હતા. કાર્યક્રમમાં ચર્ચા અને વાર્તાલાપનો વિષય કૃષ્ણમૂર્તિના શિક્ષણ સંદર્ભમાં 'ખરેખરમાં જીવવું એટલે શું?' સવારે ૧૦ વાગે કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. પ્રારંભિક પ્રસ્તાવના પછી શ્રી રાજેશ દલાલ એ વિષયના અનુસંધાનમાં કૃષ્ણમૂર્તિ આ બાબતમાં શું કહેવા માગે છે તેની ટૂંકમાં મુદ્દાસર સ્પષ્ટતા કરી અને કૃષ્ણમૂર્તિનું શિક્ષણ પ્રત્યેક માનવીમાત્રના જીવનને સંબંધિત છે એ વાત પર લોકોનું ધ્યાન દોર્યું.

બપોર પછીના કાર્યક્રમમાં આ જ વિષય પર રાજેશભાઈની હાજરીમાં ઉપસ્થિત લોકોની સાથે એક પરિસંવાદ અને પ્રશ્નોત્તર કરવામાં આવ્યા અને આભારદર્શન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## તમારું બંધન એ તમારી સુરક્ષિતતામાં જ છે

માનવજાતિના અશ્રુ માનવીની હત્યા કરવાની ઈચ્છા ધોઈ શકયા નથી. કોઈ ધર્મ યુધ્ધ અટકાવી શકયુ નથી; ઉલટાનું આ બધાએ તેને ઉત્તેજન આપ્યું છે. યુધ્ધના શસ્ત્રોને તેના આશીર્વાદ મળ્યા છે; તેઓએ લોકોમાં ભાગલા પાડયા છે. સરકાર એકાકી બની ગઈ છે. અને તે આ વિભાજનને ખાતર પાણી નાખી તેનું લાલનપાલન કરે છે. ઉપદેશકો શબ્દોમાં અને પ્રતિકોમાં ખોવાઈ ગયા છે.

તમે આંસુ વહેવડાવશો પણ તમારા બાળકોને મરો અને મારોનું જ શિક્ષણ આપશો. તમે આને જીવન જીવવાનો આ જ એક માર્ગ છે એમ સ્વીકારી લીધું છે. તમારી સુરક્ષિતતા એ તમારી કેદ કે બંધન બની ગઈ છે. તે તમારો દેવ અને તમારું દુ:ખ છે.

*કૃષ્ણમૂર્તિની રોજનીશી*, ૧૭ ઓકટોબર ૧૯૭૩

# આદર્શવાદ દ્વારા હિંસાને જોવાથી સમયનો ગાળો ઉદ્‌ભવે છે



આપણને હિંસા પ્રાણી દ્વારા વારસામાં મળી છે. પણ પ્રાણી એ અહિંસાની શોધ કરી નથી કે અહિંસાના આદર્શવાદની; માનવીએ અહિંસાની શોધ કરી છે. હિંસા વાસ્તવિકપણે અસ્તિત્વમાં છે પણ આદર્શ એ અવાસ્તવિક છે. વાસ્તવિક છે તે હિંસા છે. પણ આપણે એવો વિચાર કરીએ છીએ કે હિંસાની સામે અહિંસાનો આદર્શ આપણને હિંસામાંથી મુક્ત કરશે આ ચોખ્ખી મૂર્ખતા છે. અને આ દેશમાં તે સિધ્ધ થયું છે તમે (૪૦) ચાળીસ વર્ષથી અહિંસાનો ઉપદેશ આપી રહ્યાં છો. પણ જ્યારે હિંસાની ક્ષણ આવે છે ત્યારે તમે સૌ તેમાં કુદી પડો છો.

તેથી હકીકત એક બાબત છે અને આદર્શ બીજી વાત છે. આપણે હિંસક છીએ; જે આપણે પ્રાણી દ્વારા વારસામાં પ્રાપ્ત કરી છે. આપણામાં જનાવરના બે ગુણ રહેલા છે. માલિક હક્ક અને લૈંગિક હક્ક અને હિંસાનો આધાર તેના પર નિર્ભર છે. એ સત્ય છે કે આપણે હિંસક છીએ. તમે આ સત્યને સાંભળી રહ્યા છો આ સાંભળવું એ ફક્ત બૌધ્ધિક સ્તરે છે. અને તમે કહો છો 'હું હિંસા વગર કેવી રીતે જીવી શકું જ્યારે પાકિસ્તાન, ચાયના અથવા બીજો કોઇ દેશ મારા પર આક્રમણ કરી મારો નાશ કરે? ચોક્કસપણે મારે મારું રક્ષણ કરવું જોઇએ.' અને આની વિરુધ્ધ તમારી પાસે વાદવિવાદ માટે અસંખ્ય દલીલો છે. અને તેમ છતાં છેવટે તમે હિંસક જ રહો છો.

તેથી, તમે વાસ્તવિક હિંસાને જોઇ શકો? આ વાસ્તવિકતા માત્ર તમારી બહાર નહિ પણ તમારી અંદર પણ છે. આ સાંભળવું અને કાર્ય કરવા વચ્ચે સમયનો ગાળો ન હોવો શક્ય છે? એનો અર્થ કે સાંભળવાની આ ક્રિયામાં જ તમે હિંસાથી મુક્ત થાવ છો. તમે હિંસાથી પૂર્ણપણે મુક્ત થાવ છો કારણ કે તમે અહિંસાનો આદર્શ જે તમને હિંસામાંથી મુક્ત કરશે એને સમયના સ્વરૂપમાં વચ્ચમાં લાવતા નથી. આને માટે ગહન ચિંતનની આવશ્યકતા છે. આ ફક્ત શાબ્દિક દલીલ કે સંમતિ કે અસંમતિ નથી. આપણે કદી પણ કંઇજ સાંભળતાંજ નથી. આપણું મન અને આપણા મગજના કોષ અહિંસાના આદર્શવાદથી એટલા સંસ્કારબદ્ધ થઇ ગયા છે કે આપણે હિંસાની વાસ્તવિકતા કે સત્યને કદી જોતા જ નથી. આપણે હિંસાને આદર્શના માધ્યમ દ્વારા જોઇએ છીએ જે સમયનો ગાળો નિર્માણ કરે છે. અને જ્યારે તમે સમયના ગાળાને વચ્ચમાં લાવો છો ત્યારે હિંસાનો કોઇ અંત આવતો નથી. તમે હિંસાનું પ્રદર્શન કરશો. અહિંસાના પાઠ ભણાવશો પણ હિંસાનો અંત નહીં આવે.

મદ્રાસમાં બીજો વાર્તાલાપ, ૧૯૬૭

## હિંસાનું મુખ્ય કારણ

મને લાગે છે કે હિંસાનું મુખ્ય કારણ એ છે કે આપણામાંથી પ્રત્યેકજણ માનસિકપણે આંતરિક સુરક્ષિતતા શોધતો હોય છે. આપણામાંથી પ્રત્યેક મનુષ્યને આંતરિક દષ્ટિએ સુરક્ષાની ઉત્કટ ઇચ્છા-સુરક્ષિત હોવાની એક આંતરિક ભાવના એ માટે સુરક્ષાની બાહ્ય રીતે માગણી હોય છે. તે આંતરિક માંગનું પ્રક્ષેપણ છે. આંતરિક દષ્ટિએ પ્રત્યેકને સુરક્ષિતતાની ખાત્રી, નિશ્ચિતપણે જોઇતી હોય છે. માટે જ આપણી પાસે લગ્નના વિષયમાં અનેક નિયમો ઘડવામાં આવ્યા છે, સ્ત્રી કે પુરુષને પોતાની માલિકી પ્રસ્થાપિત કરવા માટે અને તે દ્વારા સંબંધમાં સુરક્ષિતતા લાવવા માટે. અને જો તે સંબંધમાં આક્રમણ થાય તો આપણે હિંસક બનીએ છીએ, જે મનની આંતરિક માગણી કે ગરજ છે. પ્રત્યેક બાબત સાથેના સંબંધમાં નિશ્ચિંતતા હોવાની ગરજ. પરંતુ કોઇપણ સગપણમાં નિશ્ચિંતતા, સુરક્ષિતતા કોઇ બાબત નથી હોતી. આંતરિકપણે માનસિક દષ્ટિએ આપણને સુરક્ષિત હોવું ગમે છે, સદૈવ સુરક્ષિતતા જેવી કોઇજ બાબત નથી.

આજે વિશ્વભરમાં પ્રચલિત એવી અનિયંત્રિત હિંસાને સહાયભૂત થનારા આ કારણો છે. મને લાગે છે કે જે કોઇએ આ જગતમાં જે કંઇ ચાલી રહ્યું છે એનું થોડું પણ નિરીક્ષણ કર્યું હશે અને વિશેષ કરીને આ કમનસીબ દેશમાં જે કાંઇ થઇ રહ્યું છે તેનું, જે ઘણા બૌધ્ધિક અભ્યાસ વગર પણ તે જોઇ શકે અને આ બધી બાબત સ્વયંમાં શોધી શકે, જે બાહ્યપણે અભિવ્યક્ત થઇ રહી છે. જે આ અસામાન્ય એવી ક્રુરતા, બેજવાબદારી, ભેદભાવ અને હિંસા માટે કારણભૂત છે.

*ધ બુક ઑફ લાઇફ, ૨૭ જૂન*

## સંઘર્ષ અંદર કે બહાર - હિંસાને માટે કારણભૂત હોય છે

હિંસા ચારે તરફ છે, ઉચ્ચ શિક્ષિતની અંદર અને અભણ પછાત લોકોમાં, બુધ્ધિશાળી લોકોમાં તેમજ ભાવનાશીલ કહેવાતા લોકોમાં પણ છે. શિક્ષણ કે સંઘટિત ધર્મ બેમાંથી કોઇ મનુષ્યને કાબુમાં રાખી શકયા નથી; ઉલટાનું તેઓ યુધ્ધ, છળ, રાજકીય રિબામણી અને જમીન પરનાં અને દરિયાઇ પ્રાણીના કતલખાના આ બધા માટે જવાબદાર છે. માણસ જેટલી પ્રગતિ કરે છે તેટલો જ એ વધુ ક્રુર થતો જાય છે એવું દેખાય છે. રાજકારણ એટલે ગુંડાગિરી બની ગઇ છે, એક સમૂહ બીજા સમૂહના વિરોધમાં હોય છે; રાષ્ટ્રીયવાદે યુધ્ધ નિર્માણ કર્યા છે, અહી આર્થિક લડાઇ છે. વ્યક્તિગત દ્વેષ અને હિંસાચાર છે. મનુષ્ય જ્ઞાન અને અનુભવથી કંઇ શીખ્યો હોય એવું લાગતું નથી, આમ હિંસા અનેક સ્વરૂપે ચાલુ જ છે. મનુષ્ય અને માનવસમાજના પરિઘમાં જ્ઞાનનું સ્થાન કયાં છે ?

જ્ઞાન ઉપાર્જનમાં જે શક્તિ વાપરવામાં આવી તેથી મનુષ્ય બદલાયો નથી. તે ઉર્જા હિંસાને થંભાવી શકી નહીં. માનવી આટલો આક્રમક ક્રૂર, કઠોર શા માટે થયો એના સ્પષ્ટીકરણ માટે ખર્ચવામાં આવેલી ઉર્જા મનુષ્યમાં રહેલી ક્રૂરતાનો અંત લાવી શકી નથી. મનુષ્યનો અવિરત વિધ્વંશ, તેનો હિંસાત્મક આનંદ, વિકૃતિ, આક્રમક આચારવિહાર આ બધા કારણોનું વિશ્લેષણ કરવામાં વપરાયેલી ઉર્જા એ મનુષ્યને સૌમ્યને વિચારવંત બનાવ્યો નથી, ધાકધમકી, વ્યાખ્યાન, પુસ્તકો, શિક્ષા એ સર્વનો ઉપયોગ કરીને પણ મનુષ્ય હિંસક જ રહ્યો છે.

હિંસા ફક્ત હત્યામાં, બૉમ ફેંકવામાં રક્તરંજિત ક્રાંતિમાં જ છે એમ નથી. તે ઘણીજ ગહન અને સૂક્ષ્મ છે. અનુશરણ અને અનુકરણ એ હિંસાદર્શક છે. જબરદસ્તી અને આધિપત્ય સ્વીકારવું એ હિંસાના ધ્યોતક છે. મહત્ત્વાકાંક્ષા અને સ્પર્ધા તે આક્રમકતા અને ક્રૂરતાની અભિવ્યક્તિ છે; અને તુલના તેના દ્વેષ સાથે શત્રુતા અને ઈર્ષાને જન્મ આપે છે. ઘર્ષણ આંતરિક હોય કે બાહ્ય હોય, પણ તે હિંસા માટે કારણભૂત છે. ભેદ અને વિભાજન તેના દરેક સ્વરૂપમાં ઘર્ષણ અને યાતનાનું નિર્માણ કરે છે.

*કૃષ્ણમૂર્તિની રોજનીશી,* બ્રૉકવુક પાર્ક, ૧૦ ઓકટોબર ૧૯૭૩

### હિંસાના વિષયમાં કૃષ્ણજીના વિધાનયુક્ત પુસ્તકો

Beyond Violence
હિંસાને પેલે પાર

Commentaries on living - III
જીવનમીમાંસા - ભા.૩

Freedom from the Known
જ્ઞાત વિસર્જન

You Are the World
તમે જ વિશ્વ છો.

Social Resposibility
Krishnamurti on Education
Why are you being Educated?

### કૃષ્ણમૂર્તિના વિષયમાં કેટલીક વેબસાઇટ

http://jkrishnamurti.org
www.kfionline.org
www.kfoundation.org
www.kfa.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયાનું મુંબઈ કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહી કૃષ્ણજીના બધા પુસ્તકો, ડીવ્હીડી, ઉપલબ્ધ છે. બાલ આનંદ - બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરુવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

સેંટ ઝેવિયર્સ કોલેજમાં દર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે અને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કૉલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બૉમ્બે એકઝેકયુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ - ૪૦૦૦૦૬.
દૂરધ્વની : ૨૩૬૩૩૮૫૬.
ઈમેલ : kfimumbai@gmail.com

'અંતરમેળ' આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિદ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છીત વ્યકિત માટે કૃષ્ણજીના સાહિત્યાનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યાસ કેંદ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશીત કરવામાં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal*
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*